ગાંધીનગર સમાચાર

**નિસર્ગ ખાતે વિજ્ઞાન શિક્ષકોની તાલીમ યોજાઇ**

# રોટરી ક્લબના હોદ્દેદારોનો શપથવિધિ સમારોહ યોજાયો

## @ગાંધીનગર

- સેક્ટર-૨૦ ચિલ્ડ્રન યુનિવર્સિટી ખાતે રવિવારના રોજ બપોરે ૩.૩૦ થી ૬.૩૦ કલાક દરમિયાન તપોવન પરિવાર સંમેલન યોજાશે.
- ગાંધીનગર રાજપૂત સમાજ દ્વારા રવિવારના રોજ બપોરના ૨.૦૦ થી ૫.૦૦ કલાક દરમિયાન સેક્ટર-૧૨ રાજપૂત ભવન ખાતે સમાજના તેજસ્વી તારલાઓનું તથા વિશિષ્ટ વ્યક્તિઓનું સન્માન કરાશે.
- પ્રોફેશનલ ફોટોગ્રાફર ગૃપ દ્વારા જાણીતા સિનિમેટોગ્રાફર જોધસિંઘ પલ્લાનો રવિવારના રોજ બપોરે ૧ થી ૬ કલાક દરમિયાન સેક્ટર-૧૯, જીમખાના ખાતે વર્કશોપ
- પેથાપુર જૈન સંઘમાં નવકાર મંત્રનો અખંડ જાપનું આચાર્ય વાત્સલદીપ સૂરીશ્વરની નિશ્રામાં રવિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે કરાશે.
- સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર સેક્ટર-૨૩ દ્વારા રવિવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે વિરાટનગર સોસાયટી સેક્ટર-૨૩ ખાતેના કોમન પ્લોટમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાશે.
- સુરેન્દ્રનગર જિલ્લા વણકર સમાજ ગાંધીનગર દ્વારા રવિવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે સેક્ટર-૧૨, ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે સમાજના વર્ષ ૨૦૧૫-૧૬માં નિવૃત્ત થયેલ કર્મચારી/અધિકારીઓનો સત્કાર સમારંભ યોજાશે.
- શ્રીરંગ અવધૂત પરિવાર ગાંધીનગર દ્વારા રવિવારના રોજ બપોરના ૩.૩૦ થી ૬.૩૦ કલાક દરમિયાન સ્વ. જનાર્દન ભટ્ટના નિવાસસ્થાન ૬૫૮, આદર્શનગર સેક્ટર-૨૪ ખાતે ૩૪મો રુકમામ્બાસપ્તશતિ પારાયણ યોજાશે.
- જલારામ સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા સેક્ટર-૨૯ જલારામ મંદિર ખાતે સવારે ૧૧.૩૦ થી સાંજે ૪.૩૦ કલાક દરમિયાન ચામડીના રોગોનો નિદાન કેમ્પ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર રોટરી ક્લબના પ્રમુખ તરીકે એન.પી. પટેલ અને સેક્રેટરી તરીકે ડૉ. દિપક બારોટની શપથવિધિ સમારોહ તા. ૧૫-૭-૨૦૧૬ના રોજ ગાંધીનગર ટાઉનહોલ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય મહેમાન પદે રોટરી ડીસ્ટ્રીક ૩૦૫૧ના ડીસ્ટ્રીક ગવર્નર દિનેશકુમાર ઠક્કરે ઉપસ્થિત રહીને રોટરીના મુખ્ય ચાર સેવાના ક્ષેત્રો જેવા કે, ક્લબ સર્વિસ, કોમ્યુનિટી સર્વિસ, વોકેશનર અને ઈન્ટરનેશનલ સર્વિસ મુજબ સેવાના કાર્યો મોટા પાયે પાટનગરમાં હાથ ધરવા અનુરોધ કર્યો હતો.અતિથિ વિશેષપદેથી ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધ્યક્ષ મહેન્દ્રભાઈ ત્રિવેદીએ ધંધા અને વ્યવસાયમાં ઉંચા નૈતિકમૂલ્યોનુ પાલન કરીને વ્યવસાય અને સમાજ જીવનમાં સેવા પરાયણતાના રોટરીના આદર્શોને અપનાવવા માટે સૌને અપીલ કરી હતી.





આ પ્રસંગે વી.એસ. ગઢવી, રાજ્ય માહિતી કમિશનરે અતિથિ વિશેષપદે ઉપસ્થિત રહી રોટરી ક્લબમાં એક વર્ષની સમાજ સેવાઓ આપ્યા બાદ નેતૃત્વમાં સરળતાથી પરિવર્તનની પદ્ધતિને બિરદાવીને સેવાકીય કામગીરીના પ્રકલ્પો મોટા પાયા પર હાથ ધરવામાં આવે તેના પર ખાસ ભાર મુક્યો હતો. પ્લાસ્ટ ડીસ્ટ્રીક ગવર્નર જગદિશભાઈ પટેલે વર્ષ ૨૦૧૬-૧૭ના રોટરી ક્લબના પ્રમુખ તરીકે સેક્રેટરી તરીકે ડૉ. દિપક બારોટની તેમજ બોર્ડ ઓફ ડીરેક્ટર્સની સોગંદવિધિ કરાવી હતી. જગદિશભાઈ પટેલે રોટરી ઈન્ટરનેશનલના કાર્યો વિશે માહિતી પુરી પાડી હતી.

રોટરી ક્લબની યુથવીંગ રોટરેક્ટ ક્લબના પ્રમુખ તરીકે સાર્થક શ્રેય અને સેક્રેટરી તરીકે ક્રિશ્ના પટેલ તેમજ નવા જોડાયેલા ૩૦ યુવા સભ્યોને સોગંદ લેવડાવ્યા હતા. આસિસ્ટન્ટ ડીસ્ટ્રીક ગવર્નર સમીર ત્રિવેદીએ નવા જોડાયેલા ૭ સભ્યોને સોગંદ લેવડાવીને રોટરી ક્લબની કામગીરી અંગે વિગતો પુરી પાડી હતી. નવા વરાયેલા પ્રમુખ એન.પી. પટેલે અને સેક્રેટરી તરીકે ડૉ. દિપક બારોટે નવા હાથ ધરવામાં આવનાર સેવાકીય પ્રકલ્પો અને પ્રવૃત્તિઓની વિગતો રજૂ કરીનો આગામી વર્ષમાં રાહતદરે દવાઓનો મેડીકલ સ્ટોર શરૂ કરવાની જાહેરાત કરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા પૂર્વ પ્રમુખ એચ.એમ. પટેલ, મૌલિક પટેલ, પૂર્વ પ્રમુખો સર્વે રાહલ મહેતા, જગજીતસિંહ મુલતાની, દિલીપ પટેલ, મહેન્દ્ર ભાવસાર, કિરણ પટેલ, કેતન મહેતા, જોય બક્ષી, ઉર્મિલ વેદ અને દિપક મહેતા, અલકાબેન પટેલ અને આશાબેન સરવૈયાએ જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પૂર્વ પ્રમુખ જશવંત ગાંધીએ કર્યું હતું.

## વાતવાતમાં

- સેક્ટર-૨૪ ચાર રસ્તા નજીક એક વાનરનુ અકસ્માતે મોત થવા પામ્યુ હતુ. મૃત કપિની પાર્થિવ શરીરને અગ્રણી નગરજનો કનુભાઈ દરજી, કેયુર રામી, કલ્પેશ પટેલ તથા પીનાભાઈ પટેલ વગેરે મળીનો વિધિવત દફનવિધિ કરી હતી.
- સેક્ટર-૬માં દબાણ હટાવવા ગયેલ ટીમોને એક કાચા ઝુંપડામાં નવજાત શિશુ સાથે પ્રસુતા મળી હતી. તેની હાલત જોઈ દબાણ ટીમના વડા મહેશ મોડે ઝુંપડુ તોડવાનુ મુલત્વી રાખી તેને આર્થિક સહાય કરી હતી. વળી, સાંજે ફરી ત્યાં રાઉન્ડ મારી તેમણે ફળો પહોંચાડવા સાથે યોગ્ય સમયે જગ્યા ખાલી કરી દેવા મહેતલ આપી માનવતા દાખવી હતી.
- શહેરમાં સમી સાંજે અચાનક વાવાઝોડા-વંટોળ સાથે વરસેલા તોફાની વરસાદે નગરને તરબોળ કરી દીધુ હતુ. આ સમયે રસ્તા પરના વાહનચાલકોએ પણ પોતાના વાહનો રસ્તાની એક તરફ પાર્ક કરી ઉભા રહી જવાની ફરજ પડી હતી.





અન્ય સર્જનોની જેમ ઈશ્વરનું માણસ નામનું સર્જન પણ વિવિધતાઓથી ભરેલું હોય છે ને એમાં ક્યાંક ખામીઓ પણ હોય છે. પૂર્ણ માનવી સામાન્ય કહેવાય છે ને અપૂર્ણ માનવી વિશિષ્ટ, જે શરીરથી અને મગજથી પણ વિશિષ્ટ હોઇ શકે છે. આવા વિશિષ્ટ વ્યક્તિઓના સંદર્ભમાં એક શૉર્ટ-ફિલ્મની કૉમ્પિટીશન ઉડાન સંસ્થા દ્વારા આયોજિત કરવામાં આવ્યો છે. 'મેઘ ધનુષ્ય : એક અનોખો રંગ' નામક આ સ્પર્ધા માટે ગાંધીનગર શહેરમાંથી 'સૅટરડે નાઈટ્સ'ના સર્જક અને કર્તા દિવ્યકાન્ત વર્મા દિગ્દર્શિત-અભિનિત 'પ્લગ-ઈન્સ ઍન્ટરટૅઇનમૅન્ટ્સ' નિર્મિત શૉર્ટ ફિલ્મ મોકલવામાં આવી છે, જેનું શૂટિંગ વિતેલા બે દિવસો દરમ્યાન ગાંધીનગર શહેરમાં પૂર્ણ કરવામાં આવ્યું હતું. ફિલ્મમાં દિવ્યકાન્તની સાતે પૂર્ણાનન્દ વર્માએ અભિનય આપ્યો છે, મયુર ભાટિયા અને આયુષી ડાભીએ આસી. ડિરેક્ટર તરીકેની ભૂમિકા નિભાવી છે, સિનેમેટોગ્રાફી મેઘ મહેતા અને ફાલ્ગુન નંદાની છે તથા ફિલ્મનું એડિટીંગ પણ મેઘ મહેતા અને દિવ્યકાન્ત વર્માએ કર્યું છે. પ્રૉડકશન આસી. તરીકે સંજયસિંહ રાઠોડ, કરિશ્મા પાટડિયા, સુદીપ પરમાર અને અલ્તાફ મનસુરી અને કાસ્ટીંગ ડિરેક્ટર તરીકે નિરવ પરમારે ભૂમિકા ભજવી છે. એક માનસિક વિશિષ્ટ અને એક શારીરિક વિશિષ્ટ એવા બે ભાઈઓની સંવેદનશીલ કથા આ શૉર્ટ ફિલ્મમાં અંકિત કરાઈ છે. આ ફિલ્મની વિશેષતા એ છે કે તેમાં માનસિક વિશિષ્ટ કિશોર તરીકેની ભૂમિકા અદા કરનાર પૂર્ણાનંદ વર્મા હકીકતે પણ માનસિક વિશિષ્ટ યુવાન છે. એને ફિલ્મમાં અભિનય કરાવીને ગાંધીનગરના આ સર્જનશીલ યુવાનોએ ન માત્ર પોતાની સર્જનશીલતાનો પરંતુ પોતાની સંવેદનાનો પણ સુંદર પરિચય આપ્યો છે.

## સે. ૨૮ ત્રિમૂર્તિ દત્ત મંદિરમાં પાદુકા પૂજન યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

શ્રીરંગ અવધૂત પરિવાર ગાંધીનગર દ્વારા આગામી તા. ૧૯મી જુલાઈને મંગળવારના રોજ ગુરૂપૂર્ણિમા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. સાંજે ૭.૦૦ થી ૧૦.૩૦ કલાક દરમિયાન ત્રિમૂર્તિ દત્ત મંદિર, સેક્ટર-૨૮ ખાતે પાદુકા પૂજન યોજાશે. જેનો લાભ લેવા ભાવિક ભક્તોને ત્રિમૂર્તિ દત્ત મંદિરના આચાર્ય નવીનીતભાઈ પાઠકે જણાવ્યું છે.

# બીબીએ કૉલેજના વિદ્યાર્થીઓ ઔદ્યોગિક એકમની મુલાકાતે

ગાંધીનગર, ત. ૧૬

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ બીસીએ કૉલેજ, ગાંધીનગર દ્વારા બીસીએના અભ્યાસક્રમમાં સમાવિષ્ટ પ્રોસેસર આર્કિટેક્ચર, કમ્પ્યુટર ઓર્ગેનાઈઝેશન અને એમ્બેડેડ સિસ્ટમ જેવા વિષયો માટે બીસીએ સેમેસ્ટર-૩ના વિદ્યાર્થીઓ માટે ૪૦ કલાકના એક રૉબોટીક્સ વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું હતું અને આ વર્ક-શૉપમાં ભાગ લઈ રહેલા ૩૫ જેટલા વિદ્યાર્થીઓને એજીઇડબલ્યુ મેન્યુફેક્ચરીંગ પ્રા. લિ. નામે જાણીતી ઓટોમેટીક સ્ટીલ મેન્યુફેક્ચરીંગ ઈન્ડસ્ટ્રીની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા.



આ વિઝિટમાં સૌપ્રથમ વિદ્યાર્થીઓના સમૂહને ઑટોકેડમાં ડિઝાઈન થયેલ ઑટોમેટિક લેઝર કટિંગ મશીનના ઉપયોગથી કોઈપણ સ્ટીલ-શીટ મશીન રૉબોટ્સ દ્વારા કેવી રીતે કપાય છે ? તેની જાણકારી આપવામાં આવી હતી. રૉબોટીકસના માધ્યમથી ૪-વે વેલ્ડિંગ મશીન રૉબોટ દ્વારા જ ઑપરેટ થાય અને તેનું રૉબોટિક આર્મ દ્વારા કમ્પ્યુટરાઈઝેશન કરી શીટનું વેલ્ડિંગ કાર્ય કેવી રીતે થાય તેનું નિદર્શન કરવામાં આવ્યું હતું. આ ઔદ્યોગિક એકમમાં માણસોની જગ્યાએ મેકા ઈલેક્ટ્રોનિક્સની મદદથી ફેબ્રિકેશન, લેથ મશીન, વેલ્ડિંગ, પેઈન્ટિંગ, પૅકિંગ જેવાં કાર્યો રોબોટ્સ દ્વારા પણ શક્ય બન્યાં છે, તેની વિદ્યાર્થીઓએ પ્રથમ વખત અનુભૂતિ કરી.

આમ, આ વિઝીટથી વિદ્યાર્થીઓ રૉબોટ્સ દ્વારા થતી સેમી-ઓટોમેશન અને ઓટોમેશનની પ્રોસેસનું જ્ઞાન મેળવ્યું. આ જ એકમ દ્વારા ઉત્પાદિત સ્માર્ટ ગૅરેજ ડોર સિસ્ટમનું પણ વિદ્યાર્થીઓને નિદર્શન કરાવવામાં આવ્યું જે મોબાઈલ, ઈન્ટરનેટ કે બ્લૂટૂથથી પણ ઑપરેટ થઈ શકે છે.

સમગ્ર વિઝીટનું સંસ્થાના ડિરેક્ટર ડૉ. સંજય ઍમ શાહના માર્ગદર્શન હેઠળ પ્રા. રેબેકા જોબદાસ અને પ્રો. રૂપેશ વ્યાસ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ વિઝીટ પછી હવે તેઓને રૉબોટિક્સ માટે જરૂરી પ્રોગ્રામિંગ શીખવવામાં આવશે.

## જલારામ મંદિરમાં આજે ચામડીના રોગોનો નિદાન કેમ્પ

ગાંધીનગર, તા. ૧૬

જલારામ સેવા સમાજ ટ્રસ્ટના ઉપક્રમે સેક્ટર-૨૯ જલારામ મંદિર ખાતે તા. ૧૭ જુલાઈને રવિવારે સવારે ૧૧.૩૦ થી સાંજે ૪.૩૦ દરમિયાન ચામડીના રોગોનો નિદાન કેમ્પ યોજાશે. સુરેન્દ્રનગરના તબીબ ડૉ. એ.એસ. સોની દ્વારા આયુર્વૈદિક પદ્ધતિથી રોગોનું નિદાન કરીને રાહતદરે દવાઓનું વિતરણ કરાશે.

## અનન્ય વિદ્યાલયના વિદ્યાર્થીઓ ટૅ-ક્વોન-ડોમાં ઝળક્યા

ગાંધીનગર, તા. ૧૬

ગોવા ખાતે આયોજિત ટૅ-ક્વોન-ડો સ્પર્ધામાં અનન્ય વિદ્યાલય, કલોલના વિદ્યાર્થીઓએ ભાગ લઈ સિલ્વર તથા બ્રોન્ઝ મૅડલ પ્રાપ્ત કર્યા હતા. વિજેતા વિદ્યાર્થીઓને શાળાનાં પ્રિન્સિપાલ ડૉ. મમતાબેન ભટ્ટે બિરદાવ્યા હતા.

આ વિજેતા ટીમમાં ક્રિશ ઉમેશભાઈ પટેલ, ગૌરવ સુરેશભાઈ પ્રજાપતિ સામેલ હતા, જેમણે સિલ્વર મૅડલ પ્રાપ્ત કર્યો હતો. જ્યારે મિલાપ કાટરિયા, અવિનાશ મોદી, સહેલી પટેલ, કેશવ શુક્લાએ બ્રોન્ઝ મૅડલ પ્રાપ્ત કર્યો હતો.

# સે. ૨૧માં પ્લાસ્ટીક બેગ ભરેલી દુકાનમાં દરોડો

### રોજ તંત્ર શાકમાર્કેટમાં દરોડા પાડીને પ્લાસ્ટીક બેગ પકડતુ અને બીજે દિવસે વેપારીઓ પાસે બેગ આવી જતી હતી : લોક મારી દેવાયેલી દુકાન ખોલાવીને અંદરથી ૧૯૯ કિલો પ્લાસ્ટીક બેગનો જથ્થો સિઝ કરાયો



ગાંધીનગર, તા. ૧૬

શહેરને પ્લાસ્ટીક બેગ ફ્રી બનાવવા મનપા દ્વારા બે ટુકડીઓ દોડતી કરાઈ છે. તે અંતર્ગત મહેશ મોડની ટીમ દ્વારા આજે સે. ૨૧ શાકમાર્કેટમાં એક દુકાનમાં દરોડો પાડી મસમોટો પ્રતિબંધીત પ્લાસ્ટીક બેગનો જથ્થો સીઝ કરવામાં આવ્યો છે. દુકાનમાં પ્લાસ્ટીક બેગનો જથ્થો ભરી માર્કેટમાં તબક્કાવાર વેચાણ કરાઈ રહ્યું હોવાની બાતમીને આધારે રેડ પાડવામાં આવી હતી. જો કે દુકાન બંધ હોવાથી તે વેપારીને બોલાવડાવીને દુકાન ખોલાવવામાં આવી હતી. ૧૯૯ કિલો પ્લાસ્ટીક બેગનો જથ્થો ટીમે જપ્ત કર્યો છે.

મહાનગરપાલિકા કમિશનરે દબાણ અને પ્લાસ્ટીક ગાંધીનગરના આ બંને દુષણોને ઉખાડી કાઢવા આદેશ કરી ટીમો દોડતી કરી છે. જે અંતર્ગત મહેશ મોડ તથા તેમની ટીમે સપાટા બોલાવ્યા છે. સે. ૨૧ શાકમાર્કેટમાં દરરોજ દરોડા પાડીને વેપારીઓ પાસેથી પ્લાસ્ટીક બેગ જપ્ત કરવામાં આવે છે. તેમ છતાં બીજે દિવસે સવારે પ્લાસ્ટીક બેગ વેપારીઓ પાસે આવી જાય છે. જેને પગલે બાતમીદાર સક્રીય કરાયો હતો.

આજે બાતમી મળી હતી કે સે. ૨૧ શાકમાર્કેટની એક દુકાનમાં પ્લાસ્ટીક બેગનો જથ્થો સંતાડી રાખવામાં આવ્યો છે. જેમાંથી પ્લાસ્ટીક બેગ જરૂર મુજબ નીકાળીને દુકાન બંધ કરી દેવામાં આવે છે. આજે મહેશ મોડ તથા તેમની ટીમે દરોડો પાડ્યો હતો. તે દુકાનને તાળા હોવાથી વેપારીનો ફોન નંબર લઈ તેને ફોન કરીને બોલાવવામાં આવ્યો અને દુકાન ખોલાવડાવી હતી. અંદર તપાસ કરતા આખી દુકાન પ્રતિબંધીત પ્લાસ્ટીક બેગના જથ્થાથી ભરેલી હતી. તમામ પ્લાસ્ટીક બેગનો મુદ્દામાલ જપ્ત કરી વજન કરાવતા પંદર-વીસ કે પચાસ-સો કિલો નહી પરંતુ ૧૯૯ કિલો પ્લાસ્ટીક બેગનો જથ્થો હતો. આ જથ્થો જપ્ત કરી સપાટો બોલાવવામાં આવ્યો છે.

## ઓમકાર ઈન્ટરનેશનલમાં વૃક્ષારોપણ



ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ, લેકાવાડા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ધોરણ-૧થી ૧૨ના વિદ્યાર્થીઓ, શિક્ષકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. વૃક્ષોના જતન દ્વારા પર્યાવરણના જતનના અભિગમ સાથે આ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ચિરવિદાય

- સ્વ. વાઘેલા ભરતસિંહ રતનજી, ઉ.વ.૫૦
- સ્વ. ઠાકોર રાજુજી સનાજી, ઉ.વ.૪૫
- સ્વ. પુરાણી કોકીલાબેન રમણલાલ, ઉ.વ.૬૧
- સ્વ. ડાભી શરબાબા કાનાજી, ઉ.વ.૯૯